પ્રદોષ કાળ અને વૃષભ લગ્નમાં ચોપડા પૂજન શ્રેષ્ઠ : વેપારીઓ અને નાગરિકો માટે પૂજનના તમામ મુહૂર્તો જાહેર

આજે અમાસ-સ્વાતિ નક્ષત્રના સંયોગથી વડોદરામાં દીપોત્સવ ફળદાયી

વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં પ્રકાશના પર્વ દિવાળીની તડામાર તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ વર્ષે દિવાળીનો તહેવાર અત્યંત શુભ સંયોગો વચ્ચે આવ્યો છે, જેમાં સ્વાતિ નક્ષત્ર અને આયુષ્યમાન યોગનો અદ્ભુત સમન્વય જોવા મળી રહ્યો છે. જ્યોતિષીય ગણતરી મુજબ, આ વર્ષે આસો વદ ચૌદશ અને અમાસની તિથિના વિશેષ સંયોગને કારણે રવિવારે સમગ્ર દિવસ અને રાત્રિ દરમિયાન દિવાળીની પૂજા અર્ચના કરવી અત્યંત ફળદાયી અને શુભ સાબિત થશે. વેદાંત રત્ન શાસ્ત્રી રાજદીપ જોષીના જણાવ્યા અનુસાર, આસો વદ ચૌદશ તા. ૮-૧૧-૨૦૨૬ ને રવિવારે સવારે ૧૧:૨૬ કલાક સુધી છે અને ત્યારબાદ અમાસ તિથિની શરૂઆત થાય છે. પ્રદોષ કાળમાં અમાસ તિથિ વ્યાપિની હોવાથી રવિવારે જ દિવાળી ઉજવવી શાસ્ત્રોક્ત દૃષ્ટિએ ઉત્તમ છે. વડોદરાવાસીઓ માટે લક્ષ્મી પૂજન તથા ચોપડા પૂજન કરવા માટેના શ્રેષ્ઠ મુહૂર્તોમાં પ્રદોષ કાળ: સાંજે ૦૬:૦૫ થી ૦૮:૩૮ સુધી.સ્થિર વૃષભ લગ્ન (ચોપડા પૂજન માટે શ્રેષ્ઠ): સાંજે ૦૬:૪૪ થી ૦૭:૫૬ સુધી (જેમાં સ્થિર વૃષભ નવમાંશ ૦૭:૨૩ થી ૦૭:૩૯ સુધીનો સમય પણ સામેલ છે).નિશીથ કાળ (મહાનિશીથા પૂજા): રાત્રિના ૧૨:૦૩ થી ૧૨:૫૧ સુધી. આ ઉપરાંત, વડોદરાના વેપારી વર્ગ અને નાગરિકો દિવસ દરમિયાન આવતા શુભ ચોઘડિયા જેવા કે ચલ, લાભ અને અમૃત સમય દરમિયાન પણ પોતાના ધંધાકીય સ્થળોએ અને ઘરોમાં લક્ષ્મી પૂજન કરી શકશે.

ISKCON મંદિર ખાતે સહજ રંગોળી ગ્રુપ નો 53મા રંગોળી પ્રદર્શન



દિવાળીના પ્રકાશમય પાવન અવસરે ISKCON મંદિર ખાતે સહજ રંગોળી ગ્રુપ નો 53 માં રંગોળી પ્રદર્શનનું ઉદ્ઘાટન ISKCON મંદિર ના શ્રી નિત્યાનંદ પ્રભુજીના શુભ હસ્તે સંપન્ન થયું.સહજ રંગોળી ગ્રુપ આ વરસે 10 વર્ષ પૂરા થવાની ઉજવણી કરી રહ્યું હોવાથી "દશાવતાર"ની થીમ ઉપર કુલ 13 રંગોળી થી પ્રદર્શનનું આયોજન કર્યું છે. સહજ રંગોળી ગ્રુપ શહેરનું એકમાત્ર ગ્રુપ છે જે ચોક્કસ થીમ આધારિત રંગોળી પ્રદર્શનનું આયોજન કરતું હોય છે. જેનો એકમાત્ર ઉદ્દેશ્ય આપણી સનાતન સંસ્કૃતિ, લુપ્ત થતી અદ્ભુત કળા થી વાકેફ કરવા તથા નોલેજ શેરિંગ ની ભાવના છે.આ વખતે "દશાવતાર"ની થીમ અંતર્ગત 12 રંગોળી બનાવવામાં કુલ 25 કલાકારોની લગભગ 50 થી 60 કલાકની મહેનત તેમજ લગભગ 100 થી 125 કિલો કલરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ રંગોળી પ્રદર્શન તા. 06/11/26 થી 15/11/26 સુધી સાંજના 5 થી 9 અને દિવાળીના 4 દિવસો દરમ્યાન પણ દર્શકો માટે સવારે 9 થી 12 વાગ્યા સુધી ચાલુ રહેશે. કલાકારોમાં કમલેશ વ્યાસ (ફાઉન્ડર)મીના વ્યાસ (કો-ફાઉન્ડર)હેલી રાણા પ્રશાંત કાઠેશિયા સ્નેહા મકવાણા જ્યોતિ પટેલ હેતલ પરમાર હેત્વી શાહ યાત્રા પરીખ ગૌતમી ચૌહાણ મીનાક્ષી વાલા રચના સોની દેવશ્રી વાલા અજય પવાર રીના પરમાર મંથન ટંડેલ ભાવના આચાર્ય સાધના જાધવ કૃષ્ણા ગજ્જર હેત્વી શાહ નીલા જાની કૃતિ સોમપુરા હીરવા ઠક્કર નીલુ ભગત જીનલ રાણા

કાળી ચૌદસની રાત્રીએ પશુબલીના પ્રતીક સમાન લીંબુના હાર અર્પણ કરવાની પરંપરા, નકારાત્મક ઊર્જાના શમન માટે વિશેષ તાંત્રિક પૂજા સંપન્ન



દિવાળી પર્વની શૃંખલા અંતર્ગત આવતી કાળી ચૌદસની રાત્રિનું હિન્દુ ધર્મ, શાસ્ત્રો અને તંત્રશાસ્ત્રમાં વિશેષ અને અનોખું મહત્વ રહેલું છે. આ રાત્રિને શક્તિ ઉપાસના અને નકારાત્મક ઊર્જાના શમનની રાત માનવામાં આવે છે. પ્રાચીનકાળથી ચાલી આવતી વામમાર્ગીય તંત્ર પૂજામાં હવે આધુનિક યુગ સાથે બદલાવ આવ્યો છે, જેમાં પશુબલીના પ્રતીક રૂપે માં જગતજનની મહાકાળીને લીંબુનો હાર અર્પણ કરવાની પરંપરા અતિ લોકપ્રિય બની છે. વર્ષ ૨૦૦૯થી દર વર્ષે લોકકલ્યાણ અને જનહિત અર્થે આ વિશેષ તંત્ર પૂજાનું અવિરત આયોજન કરવામાં આવે છે.શાસ્ત્રોક્ત માન્યતા અનુસાર, દિવાળીના પર્વમાં સત્વ, રજસ અને તમસ એમ ત્રણેય ગુણોનું અદ્ભુત સંયોજન જોવા મળે છે. જેમાં વાઘબારસ એ સત્વગુણી દેવી સરસ્વતીનું પ્રતીક છે, ધનતેરસ એ રજોગુણી મહાલક્ષ્મી માતાની કૃપાનો દિવસ છે, અને કાળી ચૌદસ એ તમોગુણની અધિષ્ઠાત્રી મહાકાળીનું પ્રતીક છે. મહાકાળી એ 'કાળની પણ કાળ' છે. માનવામાં આવે છે કે કાળી ચૌદસની રાત્રે બ્રહ્માંડમાંથી અલૌકિક ઊર્જા પૃથ્વી પર ઉતરે છે, જેને સાધકો તંત્ર સાધના દ્વારા ગ્રહણ કરી લોકકલ્યાણ અર્થે સમર્પિત કરે છે.શાસ્ત્રો અને પ્રાચીન વામ પૂજાના વિધાન મુજબ અગાઉ બલિદાન આપવાની વિધિ પ્રચલિત હતી, પરંતુ વર્તમાન આધુનિક યુગમાં કોઈપણ પ્રકારની હિંસા અસંભવ છે. આથી, તેના પ્રતીક સ્વરૂપે માં કાલીને લીંબુનો હાર અર્પણ કરવાની પરંપરા શરૂ કરવામાં આવી છે. તંત્રશાસ્ત્રમાં લીંબુને નકારાત્મક શક્તિઓ, માઠા પ્રભાવો અને અનિષ્ટ તત્વોને શોષી લેતું સૌથી શક્તિશાળી માધ્યમ માનવામાં આવે છે. જો કોઈના પર કોઈ ખરાબ ઊર્જા કે નજરદોષ હોય, તો લીંબુ તેને ત્વરિત આકર્ષીને ભસ્મીભૂત કરી દે છે. સાનુકૂળ નક્ષત્રો અને શાસ્ત્રોક્ત વિધિ મુજબ માતાજીને લીંબુનો હાર ચઢાવવાથી સાધકને તેનું અનેકગણું પુણ્યફળ પ્રાપ્ત થાય છે. વર્ષ ૨૦૦૯થી આ પરંપરાને લોકહિત માટે ખુલ્લી મૂકવામાં આવી છે. આયોજકોના જણાવ્યા અનુસાર, માતાજીની આજ્ઞાથી જનતાના કલ્યાણ અર્થે આ વિશેષ પૂજા શરૂ કરાઈ છે. ભક્તો શ્રદ્ધાપૂર્વક માતાજીને લીંબુનો હાર અર્પણ કરે છે, ત્યારે મહાકાળીની અમીદ્રષ્ટિથી ભક્તોના તમામ દુઃખો, સંકટો અને નકારાત્મકતાઓ દૂર થાય છે અને તેમના જીવનમાં સુખ, શાંતિ તથા પ્રસન્નતાનો સંચાર થાય છે.

વંચિતોના જીવનમાં ખુશીઓનો ઉજાસ ફેલાવવો ઉદ્દેશ : નિશિતા રાજપૂત



તહેવારોનો સાચો આનંદ માત્ર પોતાના પરિવાર સાથે ઉજવવામાં નથી, પરંતુ સમાજના વંચિત અને જરૂરિયાતમંદ લોકોના ચહેરા પર સ્મિત લાવવામાં છે. આ જ ઉમદા ભાવના સાથે વડોદરા શહેરમાં છેલ્લા બાવીસ વર્ષથી દિવાળીના પર્વ નિમિત્તે એક અનોખી સેવા પરંપરા નિભાવવામાં આવી રહી છે. શુક્રવારે સવારે શહેરના કમાટીબાગ ગેટ નંબર-૨ ખાતે સામાજિક કાર્યકર નિશિતા રાજપૂત અને ગુલાબ રાજપૂત દ્વારા અંધજનો તથા દિવ્યાંગ પરિવારો સાથે અનોખી દિવાળી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વિશેષ સેવાકીય કાર્યક્રમ અંતર્ગત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા અંધજનો અને દિવ્યાંગ પરિવારોને જીવન જરૂરિયાતની અનાજની કીટ તથા રોકડ અનુદાન વિતરણ કરવામાં આવ્યા હતા. આ માધ્યમથી જરૂરિયાતમંદ પરિવારો પણ ઉત્સાહભેર દિવાળીના પર્વની ઉજવણીમાં સહભાગી બની શકે તેવો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમના પ્રારંભે પોતાના વિચારો વ્યક્ત કરતા સામાજિક કાર્યકર નિશિતા રાજપૂતે જણાવ્યું હતું કે, "જે લોકો પોતાની આંખોથી દીવાઓનો પ્રકાશ જોઈ શકતા નથી, તેઓ પણ દિવાળીની ખુશીઓ અને ઉત્સાહનો અનુભવ કરી શકે તે મુખ્ય ઉદ્દેશ્યથી આ આયોજન કરવામાં આવે છે.

વારસિયામાં ગુંજી સિંધી પરંપરા, દિવાળી પર માટીની 'હટડી' પૂજનનું અનોખું અને પ્રાચીન મહત્ત્વ



સામાન્ય રીતે દિવાળીના તહેવારોમાં ઘરો અને બજારોમાં માટીના કોડિયા તેમજ દીવાઓનું વિશેષ ચલણ જોવા મળતું હોય છે, પરંતુ વડોદરાના વારસિયા વિસ્તારમાં આ દિવસોમાં માટીની 'હટડી'નું વિશેષ અને ધૂમ વેચાણ જોવા મળી રહ્યું છે. માત્ર વડોદરા જ નહીં, પરંતુ દેશભરનો સિંધી સમાજ માટીના કોડિયાની સાથે પોતાની સાંસ્કૃતિક પરંપરા મુજબ દિવાળી પર માટીની હટડીથી પૂજા કરવાનું વિશેષ મહત્ત્વ માને છે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરા મુજબ, ધનતેરસ અને દિવાળીના દિવસે સિંધી સમાજના લોકો ઘરમાં માટીની હટડી લાવીને તેમાં દીવો પ્રગટાવી કે ભગવાનની મૂર્તિ મૂકીને વિધિવત પૂજા-અર્ચના કરે છે. સિંધી ભાષામાં 'હટ' એટલે કે દુકાન અથવા વ્યાપારનું સ્થાન. હટડી એ માટી, લાકડા અથવા સ્ટીલમાંથી બનાવેલું એક નાનું ઘર કે દુકાન જેવું માળખું હોય છે, જે વ્યાપાર અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે.

પૌરાણિક મહત્વ અને દીપોત્સવનો ઇતિહાસ

પૌરાણિક માન્યતાઓ અનુસાર, સમુદ્ર મંથનમાંથી દેવી લક્ષ્મીજીનું પ્રાભાવ થયું હતું તથા આ દિવસે ભગવાન શ્રી રામચંદ્રજી રાવણનો વધ કરી અને વિજય મેળવીને અયોધ્યા પરત ફર્યા હતા. સમ્રાટ વિક્રમાદિત્ય દ્વારા સુરાજ્ય શાસન પર્વની સ્થાપના પણ આ જ દિવસે કરવામાં આવી હતી.દિવાળીના દિવસે ઘરોની સાફ-સફાઈ કરી, રાત્રિના સમયે કુબેર અને દેવી લક્ષ્મીની સાથે મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીજીનું પૂજન કરવામાં આવે છે. ચોપડા પૂજનમાં કલમ (પેનને) મહાકાળીનું સ્વરૂપ માની પૂજા થાય છે, ચોપડા પર લક્ષ્મીજીનો સિક્કો મૂકી પૂજન કરાય છે અને સરસ્વતી રૂપે ચોપડાનું પૂજન થાય છે.

વડોદરામાં ઉત્સાહનો માહોલ

દીપોત્સવના આ પાવન અવસરે વડોદરા શહેરના બજારોમાં ભારે ઘમઘમાટ જોવા મળી રહ્યો છે. લોકોએ પોતાના ઘરોને દીવા, રંગોળી અને વિદ્યુત રોશનીથી શણગાર્યા છે. વેપારીઓમાં પણ નવા વર્ષના સ્વાગત અને ચોપડા પૂજનને લઈને ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

કાળી ચૌદશે કાળાઘોડા પંચમુખી હનુમાન મંદિરે ભક્તોની ભારે ભીડ



શહેરના મધ્યમાંથી વહેતી પવિત્ર વિશ્વામિત્રી નદીના કાંઠે આવેલા ઐતિહાસિક અને આસ્થાના પ્રતિકસમા કાળાઘોડા સ્થિત શ્રી પંચમુખી હનુમાનજી મંદિરે આજે કારતક વદ ચૌદસ એટલે કે કાળી ચૌદસ અને શનિવારના અદભુત તથા પવિત્ર સંયોગ નિમિત્તે ભક્તોની ભારે ભીડ જોવા મળે હતી. સવારથી જ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવવા માટે શહેરીજનોની લાંબી કતારો જોવા મળી હતી.હિન્દુ ધર્મમાં કાળી ચૌદસના પવિત્ર દિવસે સંકટમોચન હનુમાનજીની પૂજા-આરાધનાનું અનેરું અને વિશેષ મહાત્મ્ય રહેલું છે.

સમુહ શારદા પૂજન

પ્રતિ વર્ષ ની માફક બી એ પી એસ શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે આગામી રવિવારે તારીખ 8 નવેમ્બર દિવાળી ના સવારે 09.00 વાગ્યે સમુહ શારદા (ચોપડા) પૂજન યજ્ઞ પુરુષ સભા ગૃહ ખાતે યોજનાર છે. આ સમુહ શારદા પૂજન માં પ્રતિ વર્ષ ની માફક 1500 થી વધુ મહિલા અને એ પુરુષ ભક્તો સહભાગી બની પોતાના વ્યવસાય ના ચોપડા નું પૂજન કરશે

રાજદીપ સોસાયટીના મકાનો બચ્યા

નવાપુરા બગીખાના વિસ્તારમાં સૂકા ઘાસના મેદાનમાં ભીષણ આગ

ફટાકડાના તણખાથી આગ ફેલાઈ હોવાનું અનુમાન : જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

વડોદરા બગીખાના વિસ્તારમાં ખુલ્લા સૂકા ઘાસના મેદાનમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતા સમગ્ર વિસ્તારમાં ભારે ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મેદાનમાં ફટાકડાનો તણખો પડવાથી આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાયું હતું. સૂકું ઘાસ અને પવનના કારણે આગે થોડી જ ક્ષણોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળતા આસપાસના માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોમાં પણ ભય ફેલાયો હતો. આ મેદાનની બિલકુલ નજીક જ રાજદીપ સોસાયટી આવેલી છે, જ્યાં અનેક પરિવારો વસવાટ કરે છે. જો આગ સમયસર કાબૂમાં ન આવી હોત તો તે સીધી સોસાયટીના મકાનો સુધી પહોંચી જવાનું મોટું જોખમ હતું. રાજદીપ સોસાયટીના મકાનો સુરક્ષિત બચી ગયા હતા અને કોઈ જાનહાની કે મોટું નુકસાન થવા પામ્યું ન હતું. આગ કાબૂમાં આવતા જ રાજદીપ સોસાયટીના રહીશો તેમજ આસપાસના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



અકોટા બ્રિજ સોલાર પેનલ નીચે ઝાડીમાં આગ

અકોટા બ્રિજ પાસે સોલાર પેનલ નીચે રોડ સાઈડ પર આવેલી જાડી ઝાંખરામાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગની જ્વાળાઓ જોતાં જ આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. બનાવની જાણ થતા જ દાંડિયાબજાર ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. જવાનોએ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. જોકે, કોઈ ચાલક કે અન્ય ઈસમે ધૂમ્રપાન બાદ બીડી કે સિગારેટ ફેંકતા ઝાંખરામાં આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

ભાઈલાલ અમીન હોસ્પિટલમાં અદ્યતન બર્ન્સ યુનિટ શરૂ

વડોદરા : દિવાળીના તહેવાર દરમિયાન આગ, ફટાકડા અને વીજળી સંબંધિત અકસ્માતોની સંભાવનાને ધ્યાનમાં રાખીને વડોદરાની ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલ દ્વારા ઈમરજન્સી વિભાગમાં અદ્યતન બર્ન્સ યુનિટ અને વિશેષ આઈસોલેશન રૂમ શરૂ કરવામાં આવ્યા છે. આ સુવિધાથી મધ્ય ગુજરાતના દર્દીઓને દાઝી જવાના કિસ્સામાં સમયસર સારવાર મળી શકશે.નવા બર્ન્સ યુનિટમાં દર્દીઓની તાત્કાલિક તપાસ, સ્થિતિ સ્થિર કરવી, ઘાની સંભાળ અને જરૂરિયાત મુજબ સર્જિકલ સારવારની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આઈસોલેશન રૂમ ચેપી રોગોના દર્દીઓની સુરક્ષિત સારવાર અને ચેપ નિયંત્રણમાં મદદરૂપ બનશે. હોસ્પિટલનાં ઈમરજન્સી ફિઝિશિયન ડૉ. કેશા માંકડે જણાવ્યું કે દાઝી જવાના કિસ્સામાં શરૂઆતની સારવાર અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

અકોટા સોલાર બ્રિજ પર રોશનીનો નજારો જોવા ટોળા ઉમટ્યા

ટ્રાફિકજામમાં ફાયર બ્રિગેડનું વાહન ફસાયું, મેદાનમાંથી વાહન કાઢવું પડ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

દિવાળીની રોશનીએ વડોદરાના અકોટા સોલાર બ્રિજને ઝળહળતો કરી દીધો, પણ આ જ રોશની હવે શહેરીજનો માટે માથાના દુખાવાનું કારણ બની છે. રામાયણ થીમ આધારિત LED લાઈટિંગ જોવા માટે લોકો રસ્તા વચ્ચે જ વાહનો ઊભા રાખી દેતા હોવાથી બ્રિજ પર દરરોજ ટ્રાફિકજામ સર્જાઈ રહ્યો છે. ગત રાત્રે તો હદ થઈ ગઈ, જ્યારે ટ્રાફિકજામમાં ફાયર બ્રિગેડનું વાહન જ ફસાઈ ગયું હતું. ઈમરજન્સી કામે જઈ રહેલું ફાયર બ્રિગેડનું વાહન અકોટા સોલાર બ્રિજ પર ટ્રાફિકજામમાં અટવાયું હતું. ચાલકે સતત સાયરન વગાડીને રસ્તો માંગ્યો, છતાં કોઈએ વાહન હટાવ્યું નહીં. લોકોને નજારો જોવાની એટલી ઘેલછા લાગી હતી કે સાયરનનો અવાજ પણ તેમના કાને પડ્યો નહીં. અંતે કંટાળીને ફાયર બ્રિગેડના ચાલકે વાહન નવલખી મેદાન તરફથી ફેરવીને માંડ માંડ બહાર કાઢવું પડ્યું હતું. વડોદરા મહાનગર પાલિકા દ્વારા દિવાળી નિમિત્તે બ્રિજ પર વિશેષ LED લાઈટિંગ અને રામાયણ થીમની સજાવટ કરવામાં આવી છે. આધુનિક ટેક્નોલોજી અને સનાતન સંસ્કૃતિના સમન્વયથી બ્રિજ સુંદર લાગી રહ્યો છે, તેમાં કોઈ શંકા નથી. પરંતુ સવાલ એ છે કે, આ સુંદરતા માણવા માટે શું રસ્તા વચ્ચે વાહન રોકીને બીજાને હેરાન કરવાના? પરિવાર સાથે આવતા લોકો ચાલુ વાહન વ્યવહાર વચ્ચે જ બ્રિજ પર વાહનો રોકી, ફોટા પાડવા અને સેલ્ફી લેવા રોકાઈ જાય છે. પરિણામે પાછળ વાહનોની લાંબી કતાર લાગી જાય છે. એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ જેવી ઈમરજન્સી સેવાઓ પણ આ બેદરકારીનો ભોગ બની રહી છે.



ચાર્જઝોન અને એંડોર-ક્વેન્ચે દેશમાં 1,000 નવા EV ચાર્જિંગ સ્થળો ઊભાં થશે

વડોદરા: ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના વધતા વ્યાપ વચ્ચે ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા ચાર્જઝોન અને એંડોર-ક્વેન્ચે ભાગીદારીનો વિસ્તાર કર્યો છે. બંને કંપનીઓ દેશભરમાં 1,000 નવા સ્થળોએ 120થી 480 kW ક્ષમતાના સ્વદેશી DC ફાસ્ટ ચાર્જર્સ સ્થાપિત કરશે. આ સુવિધા પેસેન્જર EV ઉપરાંત ઈલેક્ટ્રિક બસો, ટ્રકો અને કોમર્શિયલ ફ્લીટ માટે પણ ઉપયોગી બનશે. આ વિસ્તરણ દ્વારા ચાર્જઝોન તેના નેટવર્કને 300 મેગાવોટની સંચિત ચાર્જિંગ ક્ષમતા સુધી પહોંચાડવા માગે છે. હાઈવે અને આંતરશહેરી માર્ગો પર 120 kW ચાર્જર્સ મૂકીને લાંબા અંતરની મુસાફરી સરળ બનાવાશે, જ્યારે 360 અને 480 kW સિસ્ટમ્સ ભારે વાહનોને ઝડપી ચાર્જિંગ આપશે. કંપનીઓના જણાવ્યા અનુસાર, આ ચાર્જર્સ 96 ટકાથી વધુ ઊર્જા કાર્યક્ષમતા ધરાવે છે.

વડોદરાના પૂર્વ વિસ્તાર સાથે દિવાળીમાં પણ અન્યાય

રોશનીના મામલે નાગરિકોમાં પ્રસરતો રોષ, ટેક્સ ભરવા છતાં ઓરમાયા વર્તનનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.7

દિવાળીના પાવન પર્વ નિમિત્તે સમગ્ર વડોદરા શહેરને દુલ્હનની જેમ રંગબેરંગી લાઈટિંગ અને આકર્ષક શણગારથી સજાવવામાં આવ્યું છે. શહેરના પોશ વિસ્તારો અને મુખ્ય માર્ગો રોશનીથી ઝળહળી ઉઠ્યા છે, ત્યારે વડોદરાના પૂર્વ વિસ્તારમાંથી તંત્ર સામે ભારે નારાજગી અને રોષના અહેવાલો સામે આવ્યા છે. પૂર્વ વિસ્તારના નાગરિકોનો આક્ષેપ છે કે મહાનગરપાલિકાના સત્તાધીશો દ્વારા દિવાળી જેવા મોટા તહેવારમાં પણ તેમની સાથે ઓરમાયું વર્તન કરી ભેદભાવ રાખવામાં આવ્યો છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં ભવ્ય ડેકોરેશન કરવામાં આવ્યું છે, જ્યારે પૂર્વ વિસ્તારના ઉમા ચાર રસ્તા, સર્કલ, ભારતમાલા એટલે કે મહાવીર સર્કલ, સરદાર એસ્ટેટ સર્કલ, કલાદર્શન અને ગુરુકુળ ચાર રસ્તા સહિતના મુખ્ય વિસ્તારો અને માર્ગો પર રોશનીનો સંપૂર્ણ અભાવ જોવા મળી રહ્યો છે. સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે તેઓ પણ નિયમિતપણે તમામ પ્રકારના ટેક્સ અને વેરા ભરે છે, છતાં પણ વિકાસના કાર્યો અને તહેવારોની ઉજવણીમાં પૂર્વ વિસ્તારને હંમેશાં વંચિત રાખવામાં આવે છે. દર વર્ષે દિવાળીના પ્રકાશ પર્વ પર પણ આ પ્રકારનો ભેદભાવ સામે આવતો હોવાથી પૂર્વ વિસ્તારના રહીશોમાં મહાનગરપાલિકાની કાર્યશૈલી સામે લોકોમાં રોષ પ્રગટ થયો છે. નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું મહાનગરપાલિકાની જવાબદારી માત્ર અમુક જ વિસ્તારો પૂરતી સીમિત છે? શહેરના તમામ નાગરિકોને સમાન સુવિધાઓ અને સમાન મહત્વ મળવું જોઈએ તેવી પ્રબળ માંગ પૂર્વ વિસ્તારના લોકો દ્વારા ઉઠાવવામાં આવી છે. તંત્ર દ્વારા આગામી સમયમાં આ ભેદભાવ યુક્ત નીતિ છોડીને દરેક વિસ્તાર સાથે સમાન ન્યાય કરવામાં આવે તેવી લોક માંગ જોર પકડી રહી છે.



વન વિભાગની ટીમ અને ખાનગી સંસ્થાની ટીમે રેસ્ક્યૂ કર્યું

મારેઠા ગામમાં મંદિર પાસે મગર આવી ચડતા લોકોમાં ફફડાટ



(પ્રતિનિધિ) વડોદરા, તા.7

મકરપુરા વિસ્તારના મારેઠા ગામમાં ગઈકાલે મોડી રાત્રે મગર આવી પહોંચતા ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. જોકે, સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ અને વન વિભાગની ટીમે સમયસર પહોંચીને મગરનું સફળ રેસ્ક્યૂ કરતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, મોડી રાત્રે ટીમને મારેઠા ગામમાંથી ઈમરજન્સી કોલ મળ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, ગામના મંદિરની બાજુમાં આવેલી દીવાલ પાસે એક મગર જોવા મળ્યો છે. માહિતી મળતાં જ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થળ પર તપાસ કરતાં આશરે 3.5 ફૂટ લાંબો મગર જોવા મળ્યો હતો. ત્યારબાદ સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટની ટીમે વન વિભાગના અધિકૃત રેસ્ક્યુઅર નીતિનભાઈના સહયોગથી જરૂરી સાવચેતી રાખીને મગરનું સુરક્ષિત રેસ્ક્યૂ કર્યું હતું. રેસ્ક્યૂ બાદ મગરને આગળની જરૂરી કાર્યવાહી માટે વન વિભાગને સોંપવામાં આવ્યો હતો. આ રેસ્ક્યૂ ઓપરેશન સફળ બનાવવા બદલ વન વિભાગ અને સહયોગ આપનાર તમામ લોકોનો ટ્રસ્ટ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વન્યજીવોનું રક્ષણ, પ્રકૃતિનું સંરક્ષણ એ જ સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ, વડોદરાનો મુખ્ય સંદેશ છે.

દંતેશ્વર વિસ્તારમાં તળાવ પાસે ઘટના બની

હ્યુન્ડાઈ વર્ના કારે રિક્ષા અને ઈંડાની લારીને અડફેટે લેતા વિસ્તારમાં અફરાતફરી સર્જાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં તળાવ પાસે પૂરઝડપે આવતી હ્યુન્ડાઈ વર્ના કારે રિક્ષા અને ઈંડાની લારીને અડફેટે લીધી. આ ગમખ્વાર અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા મુસાફરો ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસે સ્થળ પર પહોંચીને પીઘેલી હાલતમાં કારચાલકને ઝડપી પાડ્યો હતો. પોલીસે કારચાલકની અટકાયત કરી મકરપુરા પોલીસ સ્ટેશન ખાતે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને કારણે સ્થાનિક વિસ્તારમાં થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

